# સુરત મહાનગર સેવા સદન

**મોજે : છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ વિસ્તારની**

**નગર રચના યોજના સુરત નં. ૭૦ (છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ) તૈયાર કરવા બાબત**

## અધિસૂચન

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક :ગુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વથી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી.સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગર સેવાસદનને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડેન્ટ એક્ટ નં.૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગર સેવા સદનનાં નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૪૪/૨૦૦૭ તા. ૬-૧૦-૨૦૦૭થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૭૦માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૭૦ (છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતના નોટિસ બોર્ડ ઉપર રજાના દિવસો સિવાયના દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત.　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　કમિશનર

તા. ૮-૧૦-૨૦૦૭　　　　　　　　　　　　　　　　　　　　　સુરત મહાનગર સેવાસદન

ઠરાવ :-

સુરત મહાનગર સેવાસદનની નગર નિયોજન સમિતિની તા. ૬-૧૦-૨૦૦૭ના રોજ મળેલ સભામાં નીચે મુજબનાં ઠરાવ પસાર થયેલ હતાં :

મ્યુ. કમિશનરશ્રીના તા. ૦૫-૧૦-૨૦૦૭ના પત્ર નં. સીમીસ/૮/૨૯થી વિદિત થઈ, ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં નગર રચના યોજના સુરત નં. ૭૦ (છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬નો કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર, કરવાનું ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનનાં બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજપત્રોમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૪૪/૨૦૦૭ સર્વાનુમતે મંજુર**

નં. પી.આર.ઓ./૪૦૫

તા. ૨૬-૧૨-૨૦૦૭-૦૮